**રે.દી.મુ.નં. ૩૮/૨૦૧૧**

## આંક:- ૮૬ લગત હુકમ

(૧) વાદીએ હાલ ની અરજી સી.પી.સી.ઓર્ડર - ૬ , રૂલ - ૧૭ મુજબ દાવા અરજી મા સુધારો કરવા માટે આપેલ છે. વાદીએ જણાવેલ છે કે , તેઓને દાવો દાખલ કરતા સમયે પ્રતિવાદી નંબર - ૧ થી ૩ નાએ પ્રતિવાદી નંબર - ૪ થી ૯ ની તરફેણ મા કરી આપેલ તા. ૪/૧૨/૨૦૧૦ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર - ૨૭૨૬ તથા પ્રતિવાદી નંબર - ૪ થી ૯ ના એ પ્રતિવાદી નંબર - ૧૦ થી ૧૩ ની તરફેણ મા તા. ૩/૪/૨૦૧૪ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર - ૫૪ ૪ વીશે માહીતી ન હતી. તે જ રીતે પ્રતિવાદીઓએ ઉપરોકત હકીકત કોર્ટ સમક્ષ જાહેર કરેલ નહી. વાદીએ ગાંધીનગર ના મહે. પ્રિન્સીપાલી સીવીલ જજ સાહેબ ની કોર્ટમા દાખલ કરેલ સ્પે.દિ.મુ. નંબર - ૯૧/૨૦૧૧ થી તા. ૪/૧૨/૨૦૧૦ નો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર - ૨૭૨૬ ચેલેન્જ કરેલ. પરંતુ , સદર દાવો હાલના દાવા મા સુધારો કરવાનો હકક બાધીત રાખી પરત ખેંચેલ. પ્રતિવાદી નંબર - ૪ થી ૯ નાએ હાલનો દાવો પેન્ડીંગ હોવા છતા પ્રતિવાદી નંબર - ૧૦ થી ૧૩ ની તરફેણ મા તા. ૩/૪/૨૦૧૪ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ. જે દસ્તાવેજ ચાલુ પ્રોસીડીંગ્સ દરમ્યાન થયેલ હોય તે રદબાતલ થવા પાત્ર છે. જેથી આવા નલીટી દસ્તાવેજ ને ચેલેન્જ કરવા જરૂરી હોય હાલની અરજી દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ છે.

(૨) વાદીએ હાલ ની અરજીથી જે સુધારો કરવા માંગે છે તે અરજી સાથેના એનેકક્ષર બી થી દર્શાવેલ છે. જે અત્રે રીપ્રોડયુસ કરવામા આવે છે.

**એનેક્ષચર-બી**

૧. દાવા અને મનાઈ અરજીના પેરા -૪ પછી નીચે મુજબ પેરા-૪ એ નો ઉમેરો કરવા હુકમ કરશોજી.

૪/એ:- આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ વાદીઓની જાણ બહાર અને સંમતી વગર પ્રતિવાદી નં.૪ થી ૯ નાઓને ગેરકાયદેસર રીતે દસ્તાવેજ નંબર.૨૭૨૬/૧૦ ,

તા.૪/૧૨/૨૦૧૦ ના રોજ કરી આપેલ છે. તેવી જ રીતે પ્રતિવાદી નં.૪ થી ૯ નાઓએ અમો વાદીની જાણ અને સંમતી વગર તેમજ સદરહુ દાવાવાળી જમીનમાં દાવાદુવીની પ્રોસીડીંગ્સ ચાલતી હોવા છતાં પ્રતિવાદી નં.૧૦ થી ૧૩ નાઓને ખોટી રીતે દસ્તાવેજ કરી આપેલ છે .આમ, આવા દસ્તાવેજો બિનઅવેજી, બિનઅમલી કબજા વગરના તેમજ ગેરકાયદેસરના હોઈ તેને રદબાતલ કરવા જોઈએ.

૨. દાવા અરજીના દાદના પેરા–૭ (અ) પછી પેરા–૭(અઅ) તરીકે નીચેના પેરાનો ઉમેરો કરવાનો હુકમ કરવા મે.થશો.

<u>પેરા– ૭(અઅ):–</u>

આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ પ્રતિવાદી નં.૪ થી ૯ નાઓના લાભમાં તા.૦૪/૧૨/૨૦૧૦ ના રોજ કરેલો વેચાણ દસ્તાવેજ નં.૨૭૨૬/૧૦ નો તથા તે બાદ પ્રતિવાદી નં.૪ થી ૯ નાઓએ પ્રતિવાદી નં.૧૦ થી ૧૩ નાઓના લાભમાં તા.૩/૪/૨૦૧૪ ના રોજ કરેલો દસ્તાવેજ નં.૫૪૪/૧૪ નો એમ બંને દસ્તાવેજો અમો વાદીઓની જાણ અને સંમતી વગરના, બિનઅવેજી, બિનઅમલી, ગેરકાયદેસરના અને ફોડયુલન્ટ હોઈ તેને રતબાતલ કરવા અંગેનો હુકમ કરશોજી.

(૩) હાલની અરજી સામે પ્રતિવાદીઓએ આંક – ૮૯ થી દાવો દાખલ કરેલ છે. આમ, પ્રતિવાદીઓએ એવુ જણાવેલ છે કે , તા. ૪/૧૨/૨૦૧૦ ના રોજ કરવામા આવેલ દસ્તાવેજ નો ઉલ્લેખ વાદીએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવામા છે જેમા વેચાણ લેનાર તરીકે પ્રતીવાદીઓના નામ છે . આમ, વાદીને હાલના દાવા પુર્વ તા. ૪/૧૦/૧૨ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ વીશે માહીતી હતી. આમ છતા વાદીએ ખોટી હકીકત ના આધારે હાલની અરજી કરેલ છે. વધુમા તા. ૩/૪/૧૪ ના દસ્તાવેજો ના આધારે ખરીદનાર નુ નામ દાવાવાળી જમીન ના રેવન્યુ રેકર્ડમા દાખલ થયેલુ. તે જોતા પણ વાદીને આ દસ્તાવેજ વીશે માહીતી ન હોય તેવુ કહી શકાય નહી. પ્રતિવાદીએ હાલ ની અરજી ના મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) હાલની અરજી ની સુનાવણી દરમીયાન વાદીના વિ.વ.શ્રી એ અરજી મા જણાવેલ હકીકત મુજબ ની દલીલ કરેલ છે . તેઓએ વધુમા જણાવેલ છે કે આંક – ૩૬ ની અરજી થી નારાજ થઈ વાદીએ ના.ગુજરાત હાઈકોર્ટમા સ્પે.સીવીલ અરજી નંબર : ૨૭૪૦ /૨૦૨૫ દાખલ કરેલ . જેમા

ના.ગુજરાત હાઈકોર્ટે વાદીને ઓર્ડર – ૧, રૂલ – ૧૦ તથા ઓર્ડર – ૬ ,રૂલ – ૧૭ મુજબ અલગ અરજી દાખલ કરવા હુકમ કરેલ.જેથી વાદીએ હાલની અરજી દાખલ કરેલ છે. તેથી અરજી દાખલ કરવામા કોઈ ઢીલ થયેલ નથી. ઉપરોકત રજુઆત ના આધારે તેઓએ હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. પ્રતિવાદીના વિ.વ.શ્રી એ આંક – ૮૯ થી આપેલા વાંધા મુજબ ની રજુઆત કરેલ છે અને જણાવેલ છે કે વાદીએ કામ લંબાવવાના એકમાત્ર હેતુથી હાલ ની અરજી આપેલ હોય અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૫) વાદીએ હાલની અરજી સી.પી.સી.ઓર્ડર – ૬ , રૂલ – ૧૭ મુજબ આપેલ હોય તે અરજી નો નીર્ણય કરતા સમયે જે એમેન્ડમેન્ટ માંગેલ છે તે બંને પક્ષકારો વચ્ચે રહેલી કોન્ટ્રોવર્સી ના નીર્ણય માટે આવશ્યક છે કે કેમ તે જોવાનુ છે. વધુમા સી.પી.સી.ઓર્ડર – ૬ , રૂલ – ૧૭ મુજબ ટ્રાયલ શરૂ થયા બાદ કોર્ટ તેવા નીષ્કર્ષ ઉપર ન આવે કે વાદી ની સંપુર્ણ સજાગતા છતા માંગવામા આવેલ એમેન્ડમેન્ટ રેકર્ડ ઉપર લાવવા સક્ષમ ન હતા ત્યારે જ આવુ એમેન્ડમેન્ટ ગ્રાહ્ય રાખી શકાય . આ કેસ મા વાદી ના કથન મુજબ તેને સને – ૨૦૧૦ ના રજીસ્ટર્ડ દસ્તાવેજ સબંધે ના.ગાંધીનગર કોર્ટમા કરેલા સ્પે.દિ.મુ. નંબર – ૯૧/૧૧ ના કામે જાણ થઈ ગયેલી. વાદીએ હાલની અરજી તા. ૨/૮/૨૦૨૫ ના રોજ આપેલ છે. તેથી વાદીની હાલની અરજી તેઓને સને – ૨૦૧૦ ના દસ્તાવેજ ની જાણ થયાના ઘણા લાંબા સમય બાદ આપવામા આવેલ હોય. આવી અરજી ગ્રાહ્ય રાખી શકાય નહી.

(૬) વધુમા પ્રતિવાદીએ તેના દાવા જવાબ મા હાલનો દાવો સમય મર્યાદા બહાર નો હોવાનો બચાવ લીધેલ છે. જયારે કોઈપણ એમેન્ડમેન્ટ મંજુર કરવામા આવે તો તેની અસર દાવા અરજી ની તારીખ થી ગણવાની હોય છે તેથી જો હાલનુ એમેન્ડમેન્ટ મંજુર કરવામા આવશે તો પ્રતિવાદીએ હાલનો દાવો સમય મર્યાદા બહાર નો હોવાનુ જે બચાવ લીધેલ છે તે બચાવ ને નુકશાન થાય તેમ છે. આ બાબતે ના. સુપ્રિમ કોર્ટ દવારા BASAVARAJ V/S INDIRA & ORS. 2024 (3) SCC 705 નાો ચુકાદાનો રેલેવન્ટ પેરેગ્રાફ ટાંકવો જરૂરી હોય તે નીચે મુજબ છે.

11. This Court in **Revajeetus case** (supra) enumerated the factors to be taken into consideration by the court while dealing with an application for amendment. One of the important factor is as to whether the amendment would cause prejudice to the other side or it fundamentally changes the nature and character of the case or a fresh suit on the amended claim would be barred on the date of filing the application.

12. If the amendment is allowed in the case in hand, certainly prejudice will be caused to the appellant. This is one of the important factors to be seen at the time of consideration of any application for amendment of pleadings. Any right accrued to the opposite party cannot be taken away on account of delay in filing the application.

12.1 In the case in hand, the compromise decree was passed on 14.10.2004 in which the plaintiffs were party. The application for amendment of the plaint was filed on 08.02.2010 i.e. 5 years and 03 months after passing of the compromise decree, which is sought to be challenged by way of amendment. The limitation for challenging any decree is three years (Reference can be made to Article 59 in Part-IV of the Schedule attached to the Limitation Act, 1963 ). A fresh suit to challenge the same may not be maintainable. Meaning thereby, the relief sought by way of amendment was time barred. As with the passage of time, right had accrued in favour of the appellant with reference to challenge to the compromise decree, the same cannot be taken away. In case the amendment in the plaint is allowed, this will certainly cause prejudice to the appellant. What cannot be done directly, cannot be allowed to be done indirectly.

(૭) ઉપરોકત ચુકાદા મા ઠરાવેલ સીધ્ધાંત તથા હાલના કેસની હકીકતો જોતા વાદીએ આ અરજી થી માંગેલુ એમેન્ડમેન્ટ કોઈ પણ સંજોગોમા મંજુર કરી શકાય તેમ નથી. વાદીએ હાલની અરજી ઘણા લાંબા સમય બાદ કામ લંબાવવાના એકમાત્ર હેતુથી આપેલ હોય અરજી ગ્રાહય રાખી શકાય તેમ નથી જેથી અરજી હેઠળ નીચે મુજબ નો હુકમ કરવામા આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) વાદીની હાલની અરજી ના મંજુર કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ૨૩ મી, માહે: સપ્ટેમ્બર , સને: ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩ –૦૯–૨૦૨૫
મુ. દહેગામ

**(વી.પી.મહેતા )**
પ્રિન્સીપાલ સીવીલ જજ, દહેગામ
Judge code - GJ 01538